રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક: પવટ-૩૧૦૫-૧૧૭-આર
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૮-૧૧-૨૦૦૫.

<u>પ રિ પ ત્ર ::-</u>

સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૩-૯૯ ના ઠરાવથી !!જગા આધારિત!! રોસ્ટર રજીસ્ટર અમલમાં આવેલ છે. તદઅનુસાર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૦-૬-૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંક: પવટ- ૩૧૦૦- ૨૪૯-૨ તથા તા.૨૧-૫-૨૦૦૫ ના સરખા ક્રમાંકના પરિપત્રથી રોસ્ટર રજીસ્ટર સાથે જોડવાનું તારીજ- પરિશિષ્ટ-૩ મુજબ નિયત કરવામાં આવ્યું છે. જેમાં અન્ય અનામત સંવર્ગોની સાથે શારીરિક ખોડ ખાંપણવાળા ઉમેદવારો માટેની અનામતના કોલમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯-૨-૨૦૦૦ ના જાહેરનામાની જોગવાઇ મુજબ સરકારી સેવાઓ અને જગાઓમાં શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓ માટે ૩ ટકા જગાઓ અનામત રાખવામાં આવી છે. આ અનામતની જોગવાઇ ઉમેરણીય પ્રકારની (Additive in nature ) છે. આથી સામાન્ય વહીવટ વિભાગના તા.૪-૫-૨૦૦૨ ના ઠરાવની જોગવાઇ અનુસાર જો વિકલાંગ ઉમેદવાર પસંદગી પામે તો તેને જે તે યોગ્ય કેટેગરી એટલે કે ઉમેદવાર જે કેટેગરીનો હોય તે કેટેગરીમાં દર્શાવવાનો રહે છે. વિકલાંગ ઉમેદવારો પણ અન્ય ઉમેદવારોની સાથે અરજી કરી શકે તે માટે ભરતી અંગેની જાહેરાત સમયે વિકલાંગ માટે કેટલી જગાઓ અનામત રાખવામાં આવી છે તેની સંખ્યા અન્ય જગાઓની સાથે અચૂક દર્શાવવાની રહેશે. વળી વિકલાંગો માટેની જગાઓ ત્રણ ભરતી પ્રસંગ સુધી આગળ ખેંચ્યા બાદ, ન ભરાય તો રદ થયેલી ગણાશે.

૩. આમ વિકલાંગો માટેની અનામતની જોગવાઇ ઉમેરણીય પ્રકારની છે. ફકત જાહેરાત આપવા માટે જ આ અનામતની ગણતરી કરવાની રહે છે. પરંતુ ઉમેદવાર ઉપલબ્ધ થયે તેને ફકત વિકલાંગની કેટેગરીમાં જ નહિ પરંતુ તે જે કેટેગરીનો ઉમેદવાર હોય તેમાં દર્શાવવાના રહે છે. આથી રોસ્ટર રજીસ્ટર સાથે જોડવાના તારીજ પરિશિષ્ટ-૩ માં શા.ખો.ખાં.ની વિગતો ટકાવારીની ગણતરી માટે દર્શાવવાની રહેતી નથી. પરંતુ પરિશિષ્ટ-૩ માં જ શારીરિક ખોડ ખાંપણવાળા ઉમેદવારોની ભારવાપાત્ર જગાઓ, ભરેલી જગાઓ તથા વધ કે ઘટની વિગતો અલગથી દર્શાવવાની રહે છે.

⟹

૪. તદનુસાર રોસ્ટર રજીસ્ટર સાથે જોડવાનું સુધારેલ તારીજ આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ સામેલ કરવામાં આવે છે. તે નમૂનામાં દરેક સંવર્ગના રોસ્ટર રજીસ્ટરમાં આ તારીજમાં વિગતો ભરી સક્ષમ અધિકારીની સહી સિકકા સાથે રજીસ્ટરમાં જે તે સંવર્ગવાર તૈયાર કરી ચોંટાડવાનુ રહેશે. વધુમાં રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત થવા સારુ આ વિભાગને મોકલતા પહેલાં આ સાથેના પત્રક ક થી પત્રક-ગ માં પણ વિગતો ભરીને રોસ્ટર રજીસ્ટર સાથે સક્ષમ અધિકારીની સહિ સિકકા સાથે સામેલ કરવાની રહેશે.

૫. સચિવાલયના સર્વે વિભાગો તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડા, બોર્ડ, કોર્પોરેશન, જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળા-મહાશાળાઓ, વિશ્વવિદ્યાલયો, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ તથા સરકારશ્રી તરફથી સહાયક અનુદાન મેળવતી તમામ સંસ્થાઓના ધ્યાન પર આ વિગતો લાવવા અને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ. એસ. ડામોર )
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

બિડાણ: (૧) પરિશિષ્ટ-૩
(૨) પત્રક- ક થી પત્રક -ગ

પ્રતિ,
- સચિવાલયના સર્વે વિભાગો સચિવાલય, ગાંધીનગર (દસ નકલો સાથે) તેમના વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશન, યુનિર્વસિટીઓ, મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓ તથા સરકારી અનુદાન મેળવતી સંસ્થાઓના ધ્યાન પર લાવવાની વિનંતી સાથે.
- સચિવાલયના સર્વે વિભાગોના રોસ્ટર સંપર્ક અધિકારી અને નાયબ સચિવ(મહેકમ
- સર્વે કલેકટશ્રીઓ
- વિભાગના સર્વે ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન
- સામાન્ય વહીવટ વિભાગ/ગ.૪ શાખા
- સિલેકટ ફાઇલ.

આર-૦૪/ ૧૭-૧૧-૦૫ .

## પરિશિષ્ટ-૩

તારીજ

**લાગુ પાડેલ ટકાવારી**

કચેરીનું નામઃ
અનુ.જાતિ

વહીવટી વિભાગનું નામઃ
અનુ.જનજાતિ

સા.શૈ.પછાતવર્ગ

સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૩-૯૯ અને તા.૫-૯-૨૦૦૦ ના ઠરાવ અન્વયે જગ્યા આધારિત તૈયાર કરવામાં આવેલ રોસ્ટર રજીસ્ટર પરથી તૈયાર કરવામાં આવેલ તારીજ : (તા. ............................ અંતિત).

(૧) જગાનું નામ : (૨) વર્ગ :

(૩) સંવર્ગમાં મંજુર થયેલ જગ્યા : (૪) ૨૦ ટકા કાપમાં રદ થતી જગ્યા :

(૫) ૨૦ ટકા કાપબાદ ભરવાપાત્ર જગ્યા : સીધી ભરતી ............... બઢતી ..............

(૬) ખરેખર ભરાયેલ જગ્યા સીધી ભરતી ...........અથવા બઢતી ............પરથી નીચેના કોલમોમાં વિગતો ભરવી. (ભરવાપાત્ર જગ્યાઓ કરતા વધુ જગ્યાઓ તારીજ માટેની ગણત્રીમાં લેવી નહી)

| ક્રમ | વિગત | અનુ.જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ.પ.વ. | બીન અનામત |
|---|---|---|---|---|---|
| ૧ | ભરવાપાત્ર જગ્યા | | | | |
| ૨ | ભરાયેલ જગ્યા | | | | |
| ૩ | આ પૈકી મેરીટના ધોરણે ભરાયેલ જગ્યા | | | | |
| ૪ | તફાવત (વધ/ઘટ) | | | | |
| ૫ | કોલમ નંબર-૪ પૈકી બેકલોગ | | | | |

સીધી ભરતીમાં ૨ ભરતી પ્રસંગો તથા બઢતીમાં ૩ બઢતી પ્રસંગો બાદ ન ભરાયેલ અને આગળ ખેંચાતી જગ્યાઓને બેકલોગ તરીકે દર્શાવી છે.

| | |
|---|---|
| શા.ખો.ખાં.થી ભરવાપાત્ર જગ્યાઓ | |
| આ પૈકી ભરેલી જગ્યાઓ (કેટેગરી પ્રમાણે) | |
| તફાવત(વધ કે ઘટ) | |

શારીરિક ખોડખાંપણ વર્ગની ઘટ ત્રણ ભરતી પ્રસંગો સુધી આગળ ખેંચવાની રહે છે, ત્યારબાદ બેકલોગ બનતો નથી.

રોસ્ટર રજીસ્ટર તપાસ્યા છે. અને પ્રમાણિત કરવામાં આવે છે.

સા.વ.વિ.ધ્વારા ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આધારે જિલ્લા કક્ષાના રોસ્ટર ક્રમાંક નકકી કરવામાં આવે તે ફેરફાર આધિન પ્રમાણિત કરવામાં આવે છે.

સક્ષમ અધિકારીની સહી અને તારીખ.

રોસ્ટર સંપર્ક અધિકારીની સહી નામ અને તારીખઃ

# પત્રક- ક

મંજુર થયેલ કુલ : જગાઓમાં વિભાગે રાખવાની થતી અનામત જગાઓની વિગતો દર્શાવતું પત્રક :

| ક્રમ | સંવર્ગ | વર્ગ | મંજુર થયેલ કુલ જગાઓ | સીધી ભરતી અને બઢતીનો રેસીયો | પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર રાખવાની થતી અનામત જગાઓની સંખ્યા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સીધી ભરતીમાં | | | | | | બઢતીમાં | | | |
| | | | | | SC | ST | SEBC | PH | GEN | Total | SC | ST | GEN | To |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | |

રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ અને તારીખ :
ખાતુ / વિભાગ:

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

R.PL .૧૭-૧૧-૦૫ .

# પ ત્ર ક- ખ

**સીધી ભરતી / બઢતીથી હાલમાં ભરાયેલ કુલ : જગાઓમાં અનામત વર્ગોના પ્રતિનિધિત્વની વિગતો દર્શાવતું પત્રક :**

| ક્રમ | સંવર્ગ | વર્ગ | ભરાયેલ કુલ જગાઓ | સીધી ભરતીથી ભરાયેલ જગાઓમાં રાખવાની થતી અનામત જગાઓની સંખ્યા. A | | | | | | ખરેખર સીધી ભરતીથી ભરાયેલ જગાઓમાં હાલમાં અનામત વર્ગોનું પ્રતિનિધિત્વ. B | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | SC | ST | SEBC | PH | GEN | Totl | SC | ST | SEBC | PH | GEN | Total |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| | | | | | | | | | | | | | | | |
| બઢતી : | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |

રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ અને તારીખ :
ખાતુ / વિભાગ:

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

R.PL .૧૭-૧૧-૦૫ .

## પત્રક-ગ

### ભરાયેલી જગાઓમાં ગુણવત્તાના ધોરણે પસંદગી પામેલ ઉમેદવારો તથા શારિરીક ખોડખાંપણ ધરાવતા કર્મચારીઓ તથા મહિલ
### માજી સૈનિકોની જાતિવાર વિગતો :

| ક્રમ | વિગત | સંવર્ગ / વર્ગ | ભરાયેલ કુલ જગાઓ | પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર રાખવાની થતી અનામત જગાઓની સંખ્યા. | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સીધી ભરતી | | | | | બઢતી | | |
| | | | | SC | ST | SEBC | GEN | Totl | SC | ST | To |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | ગુણવત્તાના ધોરણે પસંદગી પામેલ | | | | | | | | | | |
| ૨ | શારીરિક ખોડ ખાંપણવાળા | | | | | | | | | | |
| ૩ | મહિલાઓ | | | | | | | | | | |
| ૪ | માજી સૈનિકો | | | | | | | | | | |

હાલમાં સંવર્ગમાં અનામત વર્ગોના કુલ પ્રતિનિધિત્વની વિગતો.

| ક્રમ | મંજુર થયેલ કુલ જગ્યાઓ | હાલ ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | SC | ST | SEBC | PH | woman | EX.S MAN |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |

રોસ્ટર સંપર્ક અધિકારીની સહી
નામ અને તારીખ :
ખાતુ / વિભાગ:

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

R.PL .૧૭-૧૧-૦૫ .